**<u>નવી બાબત</u>**

**<u>વર્ષ ૨૦૨૬-૨૭</u>**

રાજ્યના ખેડૂતોને કિસાન ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના બાબત

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ ACD/MIS/e-file/2/2026/0469/K6

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૪/૨૦૨૬

વંચાણે લીધા :-

(૧) ખેતી નિયામકશ્રીનો પત્ર ક્રમાંક: એલ.ડબ્લ્યુ.ઈ/ટી-૧/કિસાન ડ્રોન/૧૫૪૨-૪૩/૨૦૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

૨. આધુનિક સમયમાં ડ્રોન ટેકનોલોજી થકી માનવ વિના ઉડાન ભરતા વિમાન (Unmanned Aerial Vehicle – UAV) નો કૃષિ, સુરક્ષા, સર્વેક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, ફોટોગ્રાફી અને ડિલિવરી જેવા અનેક ક્ષેત્રોમાં વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. ડ્રોનમાં કેમેરા, સેન્સર અને GPS જેવી ટેકનોલોજી લાગેલી હોવાથી તે ચોક્કસ માહિતી એકત્રિત કરી શકે છે. આ ટેકનોલોજી સમય, ખર્ચ અને માનવ મહેનત બચાવીને કાર્યક્ષમતા વધારે છે. કિસાન ડ્રોન આધુનિક ખેતીમાં એક મહત્વપૂર્ણ સાધન બની રહ્યું છે. તેની મદદથી પાક પર ખાતર અને જંતુનાશક દવાઓનું સમાન રીતે છંટકાવ કરી શકાય છે, જેના કારણે સમય અને મહેનત બચે છે. ડ્રોન દ્વારા પાકની સ્થિતિ, રોગ-જીવાતની અસર અને પાણીની જરૂરિયાતનું નિરીક્ષણ સરળ બને છે. આ ટેકનોલોજીથી ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવામાં મદદ મળે છે અને ખેતી વધુ અસરકારક તથા વૈજ્ઞાનિક બને છે. કૃષિ ક્ષેત્રમાં કિસાન ડ્રોનની ઉપયોગિતા જોતા "રાજ્યના ખેડૂતોને કિસાન ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના"ને વર્ષ ૨૦૨૬-૨૭ માં નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવાની બાબત ખેતી નિયામકશ્રીના વંચાણે લીધેલ પત્ર (૧) થી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

૩. પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન "રાજ્યના ખેડૂતોને કિસાન ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના" હેઠળ નવી બાબત તરીકે મંજૂર થયેલ બજેટ જોગવાઇ રૂ.૧૫.૦૦/-કરોડ (અંકે રૂપિયા પંદર કરોડ પૂરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

<u>શરતો:</u>

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ખાતાના વડાએ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ સંબધિત જીલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
6. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
7. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.
17. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે, પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ

અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

18. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
19. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોયતો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. પ્રસ્તુત યોજના હેઠળ અનુસૂચિત જાતિ/જનજાતિને પણ પ્રમાણસર લાભ મળે તેવું આયોજન કરવાનું રહેશે.
22. The Right of Person with Disabilities Act, 2016 ની Section 24 અને Section-37ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગ (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણોસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

ઉપર મુજબની શરતો તેમજ બિડાણમાં સામેલ પરિશિષ્ટ : (૧) થી (૩) માં જણાવેલ સામાન્ય શરતો અને બોલીઓ, સહાયના ધોરણો, અરજી કરવાની રીત/અરજી માટેનું ફોર્મેટ, અમલીકરણ પદ્ધતિ, વ્યક્તિગત લાભાર્થીલક્ષી સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિ તેમજ વ્યક્તિગત લાભાર્થી સિવાયના સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. આ અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માગણી નં. : ૦૨

મુખ્ય સદર : ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૧૦૫

પેટા સદર : (૨૯) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સિવાયના ખેડૂતો કૃષિ સહાયક કાર્યક્રમ

વિગતવાર સદર: ૩૧૩૨ - પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા:૦૧/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Bhavesh 28/04/2026

(ભાવેશ પટેલ)

સેક્શન અધિકારી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ પરિશિષ્ટ-(૧) થી (૩)

પ્રતિ:

1. માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અગ્ર સચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર. (જિલ્લા કક્ષાએ નકલો મોકલી આપવાની વિનંતી સહ)
5. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
6. અન્ય તમામ સંબંધિત કચેરીઓ (ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત)
7. સેક્શન અધિકારીશ્રી આઇ.ટી.શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે)
8. સિલેકટ ફાઈલ - ૨૦૨૬.

## પરિશિષ્ટ-૧

**રાજ્યના ખેડૂતોને કિસાન ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના માટેની સામાન્ય શરતો અને બોલીઓ**

(૧) આ યોજનાનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

(૨) આ યોજનાનાં અમલીકરણની તમામ જવાબદારી ખેતી નિયામકની રહેશે.

(૩) આ યોજનાનો અમલ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા કરવાનો રહેશે.

(૪) ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળનાં પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ આપી શકાશે.

(૫) રાજ્યના તમામ ખેડૂત ખાતેદાર કે જેઓએ RPTO સેંટરમાંથી ડ્રોન પાઈલટ તરીકે લાઈસન્સ મેળવેલ હશે તેવા લાભાર્થી ને જ લાભ આપી શકાશે.

પ્રાઈમરી એગ્રીકલ્ચરલ કો-ઓપેરેટિવ સોસાયટી (PACS), ફાર્મર ગૃપ/ફાર્મર પ્રોડ્યુસર કંપની, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન, કૃષિ કાર્યો સાથે સંકળાયેલ અને ખેડૂત સભ્યો ધરાવતી સહકારી સંસ્થા/સખી મંડળ/સેલ્ફ હેલ્પ ગૃપ, કૃષિ ડિપ્લોમા/કૃષિ સ્નાતક/અનુ સ્નાતક/બી.આર.એસ. ડીગ્રી ધરાવતા ઉદ્યમી કે જેઓની સંસ્થાના અધીકૃત સભ્યો પૈકીના કોઈ એક સભ્યએ RPTO સેંટરમાંથી ડ્રોન પાઈલટ તરીકે લાઈસન્સ મેળવેલ હશે તેવા લાભાર્થી ને જ લાભ આપી શકાશે.

(૬) લાભાર્થી દ્વારા અરજી કરવાની અને અમલીકરણની કાર્યપધ્ધતિ **પરિશિષ્ટ-3** મુજબ રહેશે.

(૭) આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકએ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને ફાળવવાની રહેશે. નવા જિલ્લાઓના ગઠન મુજબની જિલ્લા પંચાયતો કાર્યરત ન થાય ત્યાં સુધી જુના જિલ્લા મુજબ ગ્રાન્ટ ફાળવણી/કામગીરી કરવાની રહેશે.

(૮) સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ/નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૯) **પરિશિષ્ટ-3** મુજબની કાર્યપધ્ધતિ માટે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ/નોડલ એજન્સીએ સહાયની રકમ ECS (Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement)/PFMS થી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

(૧૦) આ યોજનાના સાધનોની ખરીદી DGCA દ્વારા માન્ય થયેલ, Type Certificate, UID નંબર ધરાવતા અને આઈ ખેડૂત પોર્ટલ પર પ્રદર્શિત થયેલ/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધનની ખરીદી કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ દિવ્યાંગ મહિલા ખેડૂતોને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૧૨) આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે તેમજ નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકને અધિકૃત કરવામાં આવે છે.

(૧૩) આ યોજનાના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામક/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

(૧૪) સદર યોજનાનું અમલીકરણ i-khedut 2.0 માં જણાવેલ પદ્ધતિ મુજબ કરવાનું રહેશે.

(૧૫) સબસીડી માટે આપવાના થતાં કિસાન ડ્રોનમા RPTO સેંટરમાંથી ડ્રોન પાઈલટ તરીકે લાઈસન્સ મેળવેલ હોય તેવાજ લાભાર્થીને ડ્રોનનુ વેચાણ થાય તે મેન્યુફેક્ચરર/ડીલરએ જોવાનું રહેશે.

(૧૬) લાભાર્થીએ ડ્રોન ઉપયોગ બાબતેની મંજૂરીની જરૂરીયાત રહે તે કિસ્સામાં સક્ષમ ઓથોરીટીની કક્ષાએથી મંજૂરી લાભાર્થી દ્વારા મેળવવાની રહેશે.

(૧૭) યોજનામાં અગાઉના નાણાંકીય વર્ષમાં કોઈ કારણસર સહાય ચુકવવાપાત્ર લાભાર્થીનું ચુકવણૂ બાકી રહેલ હોય અને ચુકવવાપાત્ર હોય તેવા લાભાર્થીને સબંધિત સંયુક્ત ખેતી નિયામક (વિ.) ની મંજુરી મેળવી ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરી શકાશે.

## પરિશિષ્ટ-૨

**સહાયના ધોરણો :**

| અ.નં | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કિસાન ડ્રોન | ખર્ચના ૫૦ % અથવા રૂ. ૫,૦૦,૦૦૦/- બે પૈકી જે ઓછું હોય તે<br>ભૌતિક લક્ષ્યાંક: ૫૦૦ | રાજ્યના તમામ ખેડૂત ખાતેદાર, પ્રાઈમરી એગ્રીકલ્ચરલ કો-ઓપેરેટિવ સોસાયટી (PACS), ફાર્મરગ્રુપ/ફાર્મર પ્રોડ્યુસર કંપની, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન, કૃષિ કાર્યો સાથે સંકળાયેલ અને ખેડૂત સભ્યો ધરાવતી સહકારી સંસ્થા/સખી મંડળ/સેલ્ફ હેલ્પ ગ્રુપ, કૃષિ ડિપ્લોમા/કૃષિ સ્નાતક/અનુ સ્નાતક/બી.આર.એસ. ડીગ્રી ધરાવતા ઉદ્યમી કે જેઓએ RPTO સેંટરમાંથી ડ્રોન પાઈલટ તરીકે લાઈસંસ મેળવેલ હોય અને DGCA દ્વારા માન્ય થયેલ, Type Certificate, UID નંબર ધરાવતા અને આઈ ખેડૂત પોર્ટલ પર પ્રદર્શિત થયેલ કિસાન ડ્રોનની ખરીદી કરે તે | આજીવન એક વખત |

## પરિશિષ્ટ-૩

## રાજ્યના ખેડૂતોને કિસાન ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના માટેની અમલીકરણ પધ્ધતિ

### (૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ

i-khedut પોર્ટલ ઉપર લાભાર્થીએ RPTO સેંટરમાંથી ડ્રોન પાઈલટ તરીકે લાઈસંસ મેળવી લાભાર્થીએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

### (૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ

કુલ ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી i-khedut પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ તાલુકાવાર ઈલેક્ટ્રોનીક ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતએ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર i-khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

### (3) અરજીઓની મંજુરી અંગેની કાર્યપધ્ધતિ

ડ્રો માં પસંદ થયેલ અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના લાભાર્થીને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ પૂર્વ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી જાણ કરવાની રહેશે. લાભાર્થી દ્વારા માન્ય સાધન ખરીદ કરી તે અંગેનું બિલ અને સાધન સાથેનો ફોટો i-khedut પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

### (૪) ખરીદી કર્યા બાદ ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત

લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની ખરીદી DGCA દ્વારા માન્ય થયેલ, Type Certificate, UID નંબર ધરાવતા અને આઈ ખેડૂત પોર્ટલ પર પ્રદર્શિત થયેલ/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધનની તેઓના મેન્યુફેક્ચરર/વેન્ડરના ઓથોરાઈઝડ ડીલર પાસેથી ખરીદી કરી તે અંગેના જરુરી આધાર પુરાવા મંજુરી મળ્યાનાં દિન-૬૦ માં સબંધિત કચેરીના અધિકૃત અધિકારી/કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે રજુ કરવાના રહેશે.

અરજદાર દ્વારા i-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, પૂર્વમંજુરી આધારીત ખરીદ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહી. આ અંગે અરજદારનો હક્ક-દાવો રહેશે નહી.

ખરીદી બાદ રજુ થયેલ ક્લેઇમનું અધિકૃત અધિકારીએ i-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે. સબંધિત અધિકારીએ મળેલ દરખાસ્ત અન્વયે ભૌતિક ચકાસણી કરી/કરાવી તે અંગેનું સ્ટેટસ i-khedut પોર્ટલ પર અપડેટ કરવાનું રહેશે.

**(૫) ઘટક ખરીદી કર્યા બાદ સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ**

જે તે ઘટક મુજબ ખરીદીની ચકાસણી કર્યા બાદ સહાય ચુકવવા પાત્ર યોગ્ય જણાતા ક્લેઇમની i-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટની કાર્યવાહી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાંના અધિકારી મારફતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને મોકલવાનો રહેશે. ત્યારબાદ જે તે જિલ્લા ખેતીવાડી અધિકારીએ અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS(Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /એકાઉન્ટ પે ચેક /NEFT/ PFMS મારફત ચુકવણી કરવાની રહેશે.